ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૦/૨૩-૨૪/ 1497 તારીખ : 09 NOV 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૪૦/૨૩-૨૪

પ્રતિ,
**શ્રી હડીયા ગુણવંતભાઈ નાથાભાઈ,**
**ગામ- નવા ગોરકડા,**
**તા.સાવરકુંડલા,**
**જી.અમરેલી.**

**મો.નં- ૯૯૭૯૦ ૧૩૧૬૫**

**વિષય : ઘર વપરાશના વિજ બિલનું મોટી રકમનું બિલ મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૮/૦૮/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૧/૦૯/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૦/૨૩-૨૪/૧૩૦૫ તા.૦૫/૦૯/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૦/૨૩-૨૪/૧૩૨૦ તા.૧૧/૦૯/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૫/૦૯/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સાવરકુંડલા.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **વિજપડી.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમિટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૪૦/૨૩–૨૪</u>** ☜

વાદી :– **શ્રી હડીયા ગુણવંતભાઈ નાથાભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ <u>રજુઆતની તારીખઃ– તા.૨૫/૦૯/૨૦૨૩</u> ◈

**વાદી** :– **શ્રી હડીયા ગુણવંતભાઈ નાથાભાઈ (પોતે)**

પ્રતિવાદી :– **શ્રી આર.એ.ગોંડલીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સાવરકુંડલા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી હડીયા ગુણવંતભાઈ નાથાભાઈ, મું.નવા ગોરકડા, તા.સાવરકુંડલા, જી.અમરેલીની ઘર વપરશના વિજ બિલનું મોટી રકમનું બિલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૦/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૦/૨૩–૨૪/૧૩૦૫ તા.૦૫/૦૯/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા <u>તા.૨૫/૦૯/૨૦૨૩</u> ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી હડીયા ગુણવંતભાઈ નાથાભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી આર.એ.ગોંડલીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સાવરકુંડલા ઉપસ્થિત રહેલ.

☞ <u>**વાદીશ્રીની રજુઆત**</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ અરજદારશ્રી નાથાભાઈ ભુરાભાઈ હડીયા ગ્રા.નં–૮૮૫૩૩/૦૦૧૮૩/૫ થી ઘર વપરાશ હેતુનું વિજ કનેકશન ગોરડકા મુકામે ધરાવે છે અને ખેતીનો ધંધો ધરાવે છે.

૧.૨ અરજદાર ખેતીનો ધંધો કરતા હોય દિવસ દરમ્યાન તેઓ ખેતીના વ્યવસાય ના લીધે ખેતીકામ કરી રાત્રિના સમયે જ ઘરે પરત આવતા હોય જેથી તેઓની વિજ વપરાશ સરેરાશ ઓછી હોય તેવું તેઓની અરજી માહે તેઓના પ્રતિનિધિ ગુણવંતભાઈ નાથાભાઈ દ્વારા જણાવેલ છે તેમજ મીટર રીડીંગ કરવા દર વખતે અલગ અલગ મીટર રીડર આવતા હોય અને ડિસેમ્બર માસમાં તેઓના મીટર રીડીંગ વખતે તેઓને તેઓનું મીટર ફોલ્ટી થયેલ છે અને રીડીંગ મીટરમાં દેખાતા ન હોય તેમ જણાવેલ હતું.

Consumer Grievances Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૩ ગ્રાહક દ્વારા ગત તા.૧૨/૧૨/૨૦૨૨ ના રોજ કંપનીના નિયમ મુજબ રકમ રૂા.૧૩૦/– નં.૭૬૩૦૫૫ થી ભરી મીટર બદલવાની અરજી કરેલ. જેના અનુસંધાને તા.૨૪/૦૪/૨૦૨૩ ના રોજ મીટર બદલવા વિજપડી વિજ કચેરીમાંથી કર્મચારી આવી મીટર બદલી ગયેલ. જે અન્વયે તેઓને મીટર લેબમાં તપાસણી કરવા ગ્રાહકને તા.૧૯/૦૫/૨૦૨૩ ના રોજ સાવરકુંડલા મુકામે હાજર રહેવા જણાવેલ. જે સમયે મીટર ખોલવામાં આવેલ ત્યારે ગ્રાહક હાજર હતા અને ગ્રાહકની પ્રફોર્મામાં સહી પણ કરેલ છે. મીટર તપાસ કરતા મીટરમાં કંઈ નથી એવું જણાવેલ અને ગ્રાહક દ્વારા હવે મારે વધારે બિલ ભરવું નહી પડેને તેવી રજૂઆત કરેલ છે. તો ત્યાંના અધિકારી દ્વારા મીટરમાં કંઈ નથી હવે તમારે ઓછું બિલ આવશે તેમ જણાવેલ.

૧.૪ એપ્રિલ – મે–૨૦૨૩ નું બિલ રૂા.૧૦૫૩/– તેમજ કુલ બિલ રૂા.૧૧૧૬/– આવેલ. ત્યારબાદ, એપ્રિલ–મે–૨૦૨૩ નું તા.૦૫/૦૭/૨૦૨૩ નું બીજું બિલ રૂા.૫૭૭૬૯/– આપવામાં આવેલ તેઓને પીઆરટી તપાસવા કરવા જણાવેલ જે તપાસ કરવા ટેસ્ટીંગ પ્રફોર્મા–૧૩૩૫૬ માં અવાચ્ય લખેલ ચેકા મારી ફરી રીડીંગ ૧૫૯૨૪ લખેલ. મીટર રીડીંગ જંપ મારેલ છે. મીટર ફોલ્ટી છે છતાં લેબનો રીપોર્ટ કેમ ઓકે બતાવે છે મીટર બદલતીવખતે પ્રફોર્મા ચેકાચેકી કરી મોટું બિલ આપવામાં આવેલ છે

૧.૫ ગ્રાહક દ્વારા આપેલ બિલ રદ કરવા અને વપરાશ પ્રમાણનું બિલ આપવા હકુમ કરવા અરજ કરેલ છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૨.૧ અરજદાર નાથાભાઈ ભુરાભાઈ હડીયા ગ્રાહક નબર ૮૮૫૩૩/૦૦૧૮૩/૫ થી ઘરવપરાશ હેતુનું વીજ કનેકશન ગોરડકા મુકામે ધરાવે છે.

૨.૨ ગ્રાહકશ્રી નાથાભાઈ ભુરાભાઈ હડીયા ગ્રાહક નંબર ૮૮૫૩૩/૦૦૧૮૩/૫ ની ફરિયાદ શ્રી ગુણવંતભાઈ નાથાભાઈ દ્વાર કરેલ જે બાબત સદર વીજ જોડાણ માટે મીટર બદલાવવાની અરજી કરેલ ત્યારબાદ તા.૨૪.૦૪.૨૦૨૩ ના રોજ મીટર બદલાવેલ. જેમાં પ્રફોર્મા–૧૫ મા ૧૫૯૨૪ છેલ્લા રીડીગ આવેલ છે અને ગ્રાહક પ્રતિનીધી દ્વારા સહી પણ કરેલ છે.

૨.૩ તા. ૧૯.૦૫.૨૦૨૩ ના રોજ લેબ નં–૧૩૩૫૬ થી લેબ પરીક્ષણ દરમ્યાન તપાસ કરતાં મીટરમાં રીડીગ આવેલ નહી જેથી લેબ રીપોર્ટમાં અવાચ્ય લખેલ. પરંતુ સદર મીટર આર.સી કંપનીનું હોય જેમાં ઘણી વખત પાવર સપ્લાય આપ્યા વગર રીડીગ ના આવતા હોય જેથી ફરીવાર પાવર સપ્લાય આપી જોતા ૧૫૯૨૪ રીડીગ આવેલ હોય અને તે તપાસણી દરમ્યાન ગ્રાહક પ્રતિનિધિ શ્રી ગુણવંતભાઈ હડીયા પણ ઉપસ્થિતિ હોય અને તેની હાજરીમાં જ અવાચ્ય રીડીંગ ચેકી મીટરમાં આવેલ રીડીગ ૧૫૯૨૪ લખેલ હોય.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૨.૪ સદર ગ્રાહકને એપ્રિલ–મે બિલ્ડ ઈન જુન–૨૨ માસ ના બિલ થી ફોલ્ટી એવરેજ મુજબનું ૧૦૦ યુનીટનું બિલ આવતું હોય, જેમા મીટરમાં રીડીગના આવતા હોવાથી એવરેજ બિલ આવેલ, ત્યારબાદ મીટર તપાસણી દરમ્યાન મીટરમા રીડીંગ આવેલ હોય, તેમજ મીટર પણ ઓ.કે. આવેલ હોય, જેથી સદર ગ્રાહક દ્વારા જ થયેલ હોય તેવું માલુમ પડેલ છે. મીટર જમ્પ મારેલ હોય કે ફોલ્ટી હોય તેવું લેબ પરીક્ષણમા આવેલ ના હોય જેથી મીટરના છેલ્લા રીડીગ મુજબનું બિલ આપવાનું થતુ હોય, જેથી તે મુજબ બિલ આપેલ છે.

૨.૫ ગ્રાહકને ફોલ્ટી લેબના એપ્રિલ–મે બિલ્ડ ઈન જુન–૨૨ થી ડિસે–જાન્યુ બિલ્ડ ઈન ફેબું–૨૩ સુધીના પાંચ બિલિંગના ૫૦૦ યુનીટના આપેલ જે લેબ રીપોર્ટ મુજબ રીડીંગ આવેલ જેથી સદર ફોલ્ટી બિલ નિયમ મુજર રકમ રૂ.૨૮૩૬/૯૩ બાદ આપવાના થતાં હોય જે બાદ આપેલ છે.

૨.૬ એપ્રિલ–મે બિલ્ડ ઈન જુન–૨૩ ના બિલિગંમાં મીટર ચેન્ઝ સાથે જુના મીટરના છેલ્લા રીડિંગ ૯૨૪૨ હોય જેમાં લેબ મુજબનાં ૧૫૯૨૪ મુજબ ૬૬૮૨ વપરાશ તેમજ નવા રીડિંગ ૭૦ થઈ ૬૭૫૨ યુનિટ નું રકમ રૂ.૫૭,૩૧૬/૫૪ નુ બિલ આવેલ તેમજ ત્યાર બાદનું નવું બિલ તેમજ એરિયર્સ સાથે રૂા.૫૭,૭૮૦/૨૦ થાય છે જેમાં હાલની સ્થિતિએ ફોલ્ટી બિલની રકમ રૂા. ૨૮૩૬/૯૩ બાદ થતા રૂા.૫૪,૯૪૩/૨૭ ભરવાપાત્ર થાય છે.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ અરજદાર હડીયા ગુણવંતભાઈ નાથાભાઈ, મું. નવા ગોરકડા, તા.સાવરકુંડલા દ્વારા તેમના ગ્રાહક નં–૮૮૫૩૩/૦૦૧૮૩/૫ ના ઘરવપરાશના કનેકશનમાં પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા તા.૦૫/૦૭/૨૦૨૩ ના રોજ રૂા.૫૭,૭૬૯/– નીચ મોટી રકમ નું બિલ અચાનમ મળતા, વાંધો ઉભો થતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની રજૂઆત અંગે આજરોજ તા.૨૫/૦૯/૨૦૨૩ ના રૂબરૂ સુનાવણીમાં બંને પક્ષકારો એ હાજર રહી તેમની રજૂઆતો કરેલ છે અને તેમને શાંતિથી સાંભળવામાં આવેલ છે.

૩.૩ પ્રતિવાદીના મીટર રીડર દ્વારા વાદીને તેમના મીટરમાં ફોલ્ટી હોવાનું જણાવતા તેઓ દ્વારા તા.૧૨/૧૨/૨૦૨૨ થી જરૂરી ચાર્જ ભરી અરજી કરવામાં આવેલ તથા તેમનું તા.૨૪/૦૪/૨૦૨૩ ના રોજ મીટર બદલાવતી વખતે છેલ્લા રીડીંગ ૧૫૯૨૪ આવેલ હતા. ત્યારબાદ, લેબ ચકાસણીમાં પણ મીટર ઓ.કે. બતાવેલ છે. જે વાદીની હાજરીમાં પરીક્ષણ કરવામાં આવેલ.

૩.૪ વાદીના જણાવ્યા મુજબ તેમનું કનેકશન ૧૯૯૭ થી છે. જયારે, ૨૦૧૬ માં મીટર બદલાવેલ ત્યારથી સતત ૧૦૦ યુનિટ નું બિલ આવે છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૩.૫ પ્રસ્તુત કેસમાં વાદીનું મીટર બદલ્યા બાદ જુલાઈ–૨૩ નું બિલ ૪૦૧ યુનિટનો વપરાશ દર્શાવે છે. એટલે કે, અગાઉનું ૧૦૦ યુનિટના બિલો જે તે સમયે યુનિટ પેન્ડીંગ રહયા હોય તેવું માની શકાય.તેમજ મીટર પણ લેબ ટેસ્ટમાં ઓકે માલૂમ પડેલ છે. આથી, કોઈ જમ્પ મારવાનો કે ટેકનીકલ ક્ષતિ હોઈ તેમ જણાતું નથી.

૩.૬ ઉપરોકત સંજોગોમાં ફોરમને જણાય છે કે, વાદીનું મીટર લગાડેલ ત્યાંરથી લઇને તા. ૨૪.૦૪.૨૦૨૩ સુધીમાં ૧૫૯૨૪ રીડીંગ આવેલ હોઈ આ સમયગાળાની એવરેજ ગણીને દરેક મહિનામાં અગાઉ આપેલ એવરેજની સામે નવીન એવરેજની ગણત્રી મુજબનું જે-તે સમયના પ્રવર્તમાન ટેરીફ મુજબનું તફાવતનું બીલ આપવું અને એ મુજબ જે રકમ ભરપાઈ કરવાની થાય તે રકમના ત્રણ હપ્તા રેગ્યુલર બીલ સાથે ભરવાના રહેશે અને આ રકમ નો કોઈ વીલબિત ચાર્જ પ્રતિવાદીએ વસુલ કરવાનો રહેશે નહિ.

**–:: હુકમ ::–**

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ. મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(શ્રી જે.એ.ગોસાઈ)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૨૫/૦૯/૨૦૨૩.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar